**સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી,**
**સરદારકૃષિનગર–૩૮૫૫૦૬.**

---

**વિષયઃ– બિન ઉપયોગી ડેડસ્ટોક આઈટમો રદબાતલ/ નિકાલ કરવા તથા અન્ય કૃષિ પ્રોડકટ ની હરાજી કરવા અંગે.**

*–:: ટોચ અગ્રીમતા ::–*

*–:: પરિપત્ર–૨૬ /૨૦૧૭ ::–*

આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓને જણાવવાનુંકે, અત્રેની કચેરીના વિષય સંબંધિત પરિપત્ર નં.૧૪ ( જા.નં.સદાંકૃયુ/હિનિ/ઓડિટ/૫૫૧૨–૩૫,તા.૧૬/૯/૨૦૧૭) વહીવટી સરળતા અને હરાજી સબબની પ્રક્રિયા ઝડપથી હાથ ધરી શકાય તે હેતુસર રદ કરવામાં આવે છે, અને કચેરી હસ્તકની બિન ઉપયોગી ડેડસ્ટોક રદબાતલપાત્ર આઈટમો /કૃષિ પ્રોડકટની હરાજી વહીવટી રીતે ઝડપી અને સરળતાથી સુચારૂ ઢબે હાથ ધરી શકાય તે હેતુસર નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવા જણાવવામાં આવે છે.

૧. ડેડસ્ટોક આઈટમો બિન ઉપયોગી પાત્રતા ધરાવે છે. તે અંગે , સુનિશ્ચિત કરવાનું રહે.
૨. તાંત્રિક ડેડસ્ટોક આઈટમો બિન વપરાશ યુકત છે તે મતલબનું સંબંધિતેથી તાંત્રિક પ્રમાણપત્ર/અભિપ્રાય મેળવવાનો રહે.
૩. બિન ઉપયોગી અને રદબાતલપાત્ર ડેડસ્ટોક આઈટમોની કચેરી કક્ષાએથી માર્કટ સર્વે કરી આઈટમ વાઈઝ Replacement Value નિયત કરી વિગતવાર પત્રક (આ.નં,આઈટમની વિગત,ખરીદ તારીખ,ખરીદ કિંમત,ડેડસ્ટોક રજી પાના નંબર, બુક વેલ્યુ, Replacement Value વગેરે) તૈયાર કરવાનું રહે.
૪. Replacement Value નિયત કરવા પ્રવર્તમાન બજારભાવો ધ્યાને લેવાના રહેશે. વિગતવાર તૈયાર કરેલ પત્રકની કુલ Replacement Value રૂા. ૧૫,૦૦૦/– કે તેથી વધુ કિંમત હોય તેવા સંજોગોમાં નીચે મુજબની કમિટી મારફતે ભૌતિક ચકાસણી/બુક વેલ્યુ/ Replacement Value ની ખરાઈ કરાવવાની રહેશે.
   ૧.સંશોધન નિયામકશ્રી અથવા સંશોધન નિયામકશ્રીના પ્રતિનિધિ
   ૨.હિસાબ નિયામકશ્રી અથવા હિસાબ નિયામકશ્રીના પ્રતિનિધિ
   ૩. સબંધિત કચેરીના વડાશ્રી
   ૪. અન્ય કેન્દ્રના એક તાંત્રિક અધિકારી/કર્મચારી
   ૫. સ્થાનિક કચેરીના એક તાંત્રીક અધિકારી/કર્મચારી
   ૬. ડેડસ્ટોક સંભાળતા કર્મચારી

**:: પાછળ ::**

૫. હરાજીપાત્ર આઈટમોની વિગતવાર યાદી /દરખાસ્ત યુનિવર્સિટી વેબસાઈટ પર જારી કરવાની રહેશે.

૬. કુલ અંદાજોને લક્ષમાં લઈ રાજય સરકારશ્રીની ખરીદ નિતિ–૨૦૧૬ની તમામ જોગવાઈઓને બાધિત રહી હરાજીની પ્રક્રિયા હાથ ધરવાની રહે.

૭. સ્ટેચ્યુટરી જોગવાઈ મુજબ સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી આઈટમો રદબાતલ અને આઈટમોનો નિકાલ કરવાનો રહેશે.

૮. અન્ય ફાર્મ / ગૌણ ઉત્પાદન (માર્કડ યાર્ડ સિવાય)જાહેર હરાજીથી નિકાલ કરવા માટે તેમજ Prevailing market વેલ્યુ માટે નીચે મુજબની કમિટિ મારફતે ખરાઈ/અભિપ્રાય હરાજીના દિવસે હરાજી પ્રક્રિયા પહેલા લેવાનો રહેશે.

૧.સંશોધન નિયામકશ્રી / તેમના પ્રતિનિધિ
૨.હિસાબ નિયામકશ્રી /તેમના પ્રતિનિધિ
૩.સંબંધિત કચેરીના વડાશ્રી
૪. ફાર્મ મેનેજરશ્રી
૫. અન્ય કેન્દ્રના એક તાંત્રિક અધિકારી/કર્મચારી

૯. જાનવર હરાજી /ફળાઉ વૃક્ષોના ફળના ઈજારા આપવા માટેની હરાજી માટે તેમજ Prevailing market વેલ્યુ માટે નીચે મુજબની કમિટિ મારફતે ખરાઈ/અભિપ્રાય હરાજીના દિવસે હરાજી પ્રક્રિયા પહેલા લેવાનો રહેશે.

૧. સંશોધન નિયામકશ્રી / તેમના પ્રતિનિધિ
૨.હિસાબ નિયામકશ્રી /તેમના પ્રતિનિધિ
૩. સંબંધિત કચેરીના વડાશ્રી
૪. વિષયના નિષ્ણાંત

**પેટા કેન્દ્રોની ઉત્પાદનની હરાજી પ્રક્રિયામાં હાજર રહેવા માટે સંકલનની કામગીરી સંશોધન નિયામકશ્રીની કચેરીએ કરવાની રહેશે.**

**ઈ/ચા.હિસાબ નિયામક**

જા.નં.સદાંકૃયુ/હિનિ/ઓડીટ/ ૯૨૦૧ – ૩૦ /૧૭ તારીખ :૧૯ /૧૨/૨૦૧૭

<u>**નકલ સવિનય રવાના :–**</u>

(૧) આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.
(૨) યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.
(૩) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ જાણ સારૂ.
(૪) નિયામકશ્રી, ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી વિભાગ, સ.દા.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર તરફ જાણ તેમજ આ યુનિવર્સિટીની વેબસાઈટ પર જારી કરવા સારૂ.